# ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ

પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com Website : www.bjpguj.org


પ્રેસનોટ તા. ૧૧/૦૨/૨૦૧૨

## એકાત્મ માનવવાદના પ્રણેતા પં. દીનદયાળ ઉપાધ્યાયની પુણ્ય તિથિ ગુજરાત પ્રદેશ ભાજપા આયોજીત ધન સંગ્રહ અભિયાનનો પ્રારંભ

## પં. દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ - ૧૧ ફેબ્રુઆરીથી ભાજપા સ્થાપના દિવસ – ૬ઠ્ઠી એપ્રિલ સુધી રાજ્યભરમાં સામાન્ય નાગરિકો પાસેથી ધન સંગ્રહ કરવાનું ભાજપાનું નવતર અભિયાન શરૂ

## મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાને યોજાયેલ ગરીમામય કાર્યક્રમમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્તિગત રૂ. ૧૧ લાખનું પક્ષ માટે ધનદાન કર્યું.

## ભાજપાની સરકાર અને પક્ષ ઉપર ગુજરાતની જનતાએ અવિરત પ્રેમ વર્ષા કરી છે અને ધન વર્ષા પણ કરશે.

માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્તિગત રીતે રૂ. ૧૧ લાખના ફાળાનો ચેક આપીને ભારતીય જનતા પાર્ટી આયોજીત ધન સંગ્રહ અભિયાનનો ગુજરાતમાં આજે પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાત પ્રદેશ ભાજપા દર વર્ષે તા. ૧૧ ફેબ્રુઆરી પં. દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિને સમર્પણ દિન તરીકે ઉજવે છે. આ વર્ષે મુખ્યમંત્રીશ્રીના પ્રેરક સુચનથી ૧૧ ફેબ્રુઆરી થી ૬ એપ્રિલ ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન સુધી સમગ્ર ગુજરાતમાં જન-જન સાથે એકાત્મતાનો નાતો સંવર્ધિત કરવા ધન સંગ્રહ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

સમગ્ર દેશના સાર્વજનીક જીવનમાં રાજકીય પક્ષ દ્વારા નૈતિકતાના મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખીને ગુજરાત પ્રદેશ ભાજપાએ સામાન્ય નાગરિક પાસેથી ધન ભંડોળ એકત્ર કરવાનું આ નવતર અભિયાન હાથ ધર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતા, રાજ્યની સરકાર અને ભાજપા ઉપર ભરોસો મૂકીને જે અવિરત પ્રેમવર્ષા કરી રહી છે. તે જોતાં સામાન્યમાં સામાન્ય માનવી પણ ધન ભંડોળમાં પોતાનું યોગદાન આપશે એવા વિશ્વાસ સાથે જનતા જનાર્દન સમક્ષ મહત્તમ ધન ભંડોળ એકત્ર કરવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. રાજ્યના દરેક મંત્રીશ્રીઓએ પણ ધન દાનમાં ૧૧ લાખનો ફાળો આપ્યો છે.

આજે મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાને યોજાયેલા આ અભિયાનના પ્રારંભે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્તિગત રૂ. ૧૧ લાખનો ફાળો પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી કૌશિકભાઈ પટેલને ચેકરૂપે આપ્યો હતો, જ્યારે અમદાવાદ શહેર ભાજપાના પ્રમુખશ્રી રાકેશભાઈ શાહે પ્રથમ દિવસે કાર્યકરો તેમજ જનતા પાસેથી એકત્ર કરેલ રૂ. ૧.૫૧ કરોડનો કુલ ધન સંગ્રહનો ચેક મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમદાવાદ શહેર પ્રભારી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને એનાયત કર્યો હતો.

આજે ગાંધીનગરમાં ભાજપાના ધનસંગ્રહ અભિયાનના પ્રારંભ પ્રસંગે વરિષ્ઠ મંત્રીશ્રી વજુભાઈ વાળા અને અમદાવાદ શહેરના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રદેશ ભાજપાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. જગદીશ ભાવસાર)
કન્વીનર-મીડીયા સેલ